# થુબૌનજી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : અશોકનગર - ૩૨ કિ.મી.,
  બસ સ્ટેશન : ચંદેરી - ૨૫ કિ.મી.,
  અશોકનગર - ૩૨ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ... : અશોકનગરથી વાયા અમરોદ
- નજીકનું મુખ્ય શહેર ....... : અશોકનગર - ૩૨ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : ખન્દારગિરિ - ૨૫ કિ.મી., ચંદેરી - ૨૨ કિ.મી.,
  સેરૌનજી - ૫૫ કિ.મી., દેવગઢ - ૮૦ કિ.મી.,
  ત્રિકાલ ચૌબીસી (અશોકનગર) - ૩૨ કિ.મી.

લલિતપુરથી થુબૌનજી ૬૨ કિ.મી. છે કે જે દિગંબર જૈન અતિશયક્ષેત્ર છે. લલિતપુરથી થુબૌનજી જવા માટે શરૂઆતમાં પાકો રસ્તો છે. ત્યાર બાદ થોડે દૂર જતાં તદ્દન કાચો રસ્તો છે. લલિતપુરથી થુબૌનજી જતાં જીપમાં પાકા બે કલાક થાય છે.

અહીં હારબંધ ૨૬ મંદિરો સમતલ ભૂમિ ઉપર છે એટલે કે અહીં પહાડ કે ટેકરી નથી. દરેક મંદિરમાં મોટા-મોટા ૫ ફીટથી માંડીને ૨૮ ફીટ સુધીની ઊંચાઈ સુધીના ખડ્ગાસન પ્રતિમાજી છે. દરેક મંદિરનો ૦॥ ભાગ જમીનની અંદર છે. એટલે કે ભોંયરામાં છે. આવા જિનબિંબોના દર્શન કરતા, આત્માર્થી જીવને જરૂર ધ્યાનની પ્રેરણા જાગે તેવા ધ્યાનસ્થ પ્રતિમાજી છે. બહારથી જીુઓ તો નાની દેરી અને સાવ નાના દરવાજા (બારણા) અને મંદિરમાં અંદર જઈને જોતાં મોટા-મોટા ભગવંતોના દર્શન કરતા મન હર્ષ અને આનંદથી ઉછળ્યા વગર રહેતું નથી. ૨૫ દેરીમાં થઈને ૧૨ પ્રતિમાજી તો શ્રી પાર્શ્વનાથ ભગવાનના છે. દરેક પ્રતિમાજી જૂનવાણી ઢબના સાદા પથ્થરમાંથી જ બનાવેલા છે. તેથી એમ જરૂર થાય કે તે વખતે શું આરસ નહીં મળતો હોય ? તેમજ આજે જે શિલ્પકારો આરસના સૌમ્ય, ધ્યાનસ્થ, ભાવવાહી પ્રતિમાજી કોતરી શકે છે તેવા શિલ્પકારો શું તે વખતે નહીં હોય ?

ધર્મશાળા :- અહીં સામાન્ય અને જૂની ધર્મશાળા ૩૦ રૂમોની છે તથા અહીં ૪૦ ગાદલા-રજાઈ છે. જૂની ધર્મશાળા બદલીને નવી કરવાનું કામ શરૂ થઈ ગયું છે. નવી ધર્મશાળામાં ઉપર માળ પણ કરવાના છે. નળની વ્યવસ્થા થઈ ગઈ છે. અહીં થુબૌનજીમાં લગભગ મોટા ભાગના ભગવાન ખડ્ગાસન છે. કોઈક પદ્માસન છે. અહીં કાયમી પૂજાના રૂા. ૩૦૧/- છે.

અહીં કુલ ૨૬ મંદિરો શ્રી પાડાશાહે બંધાવેલા છે. તેમાં અહીંનું મંદિર નં. ૧૫ મુખ્ય અને અગત્યનું છે. આ મંદિરમાં ૨૮ ફીટના ખડ્ગાસન શ્રી આદિનાથ પ્રભુ છે. આનો ઈતિહાસ એમ છે કે આ પ્રતિમાજી જ્યારે તૈયાર થયા ત્યારે સેંકડો લોકોએ આ ૨૮ ફીટના વિરાટ પ્રતિમાજીને

ઉભા કરવા અથાગ મહેનત કરી પણ પ્રતિમાજી જરાય ખસ્યા નહી. જરાય ઊચા ન થયા. ત્યાર બાદ પ્રતિષ્ઠા કરાવનાર ભાઈને રાત્રીમાં સ્વપ્ન આવ્યું કે તમે એકલા જ સવારે ન્હાઈ-ધોઈને પૂજા-પાઠ કરીને ભગવાનને ઉભા કરજો, તો જરૂર ઉભા થશે. તે મુજબ તે સજ્જને સવારે તેમ કર્યું તો સવારે જનસમુહની વચ્ચે તેમણે એકલાએ જ આ પ્રતિમાજી ઉભા કર્યા. જે તેનું અતિશય ગણાય છે. સં. ૧૯૮૭માં શ્રી વિદ્યાસાગરજીએ અહીં ચોમાસુ કરીને આ મંદિરનો વિસ્તાર વધારીને શિખરબંધ કરાવીને ઉપર ૬ ફીટનો સુવર્ણ કળશ ચઢાવ્યો છે. આટલા ૨૬ મંદિરોના માત્ર દર્શન કરતા એક કલાક જરૂર થાય છે. થુબૌનજીમાં તેરમી સદીથી અઢારમી સદી સુધીની બધી જ મૂર્તિઓ ખૂબ જ ઊંચી અને ખડ્ગાસન છે. પાડાશાહ રચિત શ્રી શાંતિનાથ જિનાલય સૌથી પ્રાચીન છે.

**થુબૌનજીના મંદિરોનું વર્ણનઃ-**

મંદિર નં. ૧ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૧૫ ફીટના છે. શિખરબંધ મંદિર નિર્માણ સં. ૧૮૬૪ વૈશાખ સુદ-૧૫ છે. મૂળનાયકની બાજુમાં બે ખડ્ગાસન અને બે પદ્માસન પ્રતિમાજી પણ છે.

મંદિર નં. ૨ : ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૧૨ ફીટના છે. ભોંયરામાં અંદર પ્રવેશવાનો દરવાજો ખૂબ જ નાનો છે. આ ભગવાન ૧૦૦૦ વર્ષ જૂના છે.

મંદિર નં. ૩ : મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસન ૫ ફીટ ઊંચા છે. તેમની બાજુમાં બે પદ્માસન પ્રતિમાજી છે. પ્રતિષ્ઠા સંવત ૧૮૭૨માં થઈ છે. મંદિરના દરવાજા પાસે એક પદ્માસન અને બે ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૪ : શ્રી નેમિનાથ પ્રભુ ખડ્ગાસન ૮ ફીટના છે. નાક ઉપર પ્રતિમાજી ખંડિત થયેલા છે. બીજા નાના શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ છે.

મંદિર નં. ૫ : શ્રી શાંતિનાથ ભગવાન મૂળનાયક ખડ્ગાસન ૧૮ ફીટના છે. તેની નીચે બે ખડ્ગાસન મૂર્તિઓ છે. અહીં પદ્માવતી દેવી તથા અંબિકાદેવીની મૂર્તિ પણ છે, જેની ઊંચાઈ ૫ ફીટ છે.

મંદિર નં. ૬ : શ્રી અજીતનાથ પ્રભુ તથા શ્રી શાંતિનાથ સંગ્રહાલય છે.

મંદિર નં. ૭ : ભોંયરામાં શ્રી શાંતિનાથ ભગવાનના ખડ્ગાસન ૨૨ ફીટના ભવ્ય પ્રતિમાજી છે.

**બેટરી સાથે રાખવી જરૂરી છે. લાઈટ બંધ હોય તેવા વખતે બેટરી વગર જરાયે ન ચાલે.**

મંદિર નં. ૮ : શ્રી નેમિનાથજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી સમન્તભદ્ર, શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી શાંતિનાથજી - પાંચેયના ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૯ : શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી વર્ધમાન, શ્રી ચન્દ્ર પ્રભુ, શ્રી શાંતિનાથજી - તેમ પાંચ પ્રતિમાજી અહીં છે.

મંદિર નં. ૧૦ : શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ - ત્રણ ચક્રવર્તી ખડ્ગાસન છે. તે સિવાય હંસવાહીની,સરસ્વતિ માતા તથા અંબિકાની સીંદૂર ચોપડેલી અંગરક્ષકોની મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૧ : શ્રી મલ્લિનાથજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી ચન્દ્ર પ્રભુજી, શ્રી વાસુપૂજયજી અને શ્રી પાર્શ્વનાથજી - તેમ પાંચ ખડ્ગાસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૨ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસન ૧૮ ફીટના છે. બાજુમાં બે પદ્માસન પ્રતિમાજી. છે

મંદિર નં. ૧૩ : અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન ૧૫ ફીટના છે. માથે સર્પની ફેણ છે. બાજુમાં બે પદ્માસન મૂર્તિઓ છે. વિ. સં. ૧૭૮૦ના છે.

મંદિર નં. ૧૪ : મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૧૨ ફીટના છે. તેની બંને બાજુ બે પદ્માસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૫ : આ મંદિર અતિશયવાળું છે. જેનું વર્ણન શરૂઆતમાં ઉપર લખ્યું છે. ખૂબ જ મોટો હોલ છે. આ હોલ સોનગઢના પરમાગમ મંદિરથી બમણો મોટો છે. અહીં એક જ પાષાણમાંથી બનાવેલા ખડ્ગાસન ૨૮ ફીટના મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી છે. આ ભગવાનને અભિષેક કરવા માટે ફરતી ગેલેરી બનાવેલી છે. હોલમાં પણ નીચે આરસ પાથરેલો છે. આ ક્ષેત્રમાં રહેનારા લોકો કહે છે કે અર્ધી રાત્રે દેવો આ મંદિરમાં આવીને વાજીંત્રો સાથે ભક્તિ કરતા હતા. આ કારણે આ ક્ષેત્રને અતિશયક્ષેત્ર કહે છે. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૬૭૨માં થઈ છે.

મંદિર નં. ૧૬ : શિખરબંધ મંદિર છે. મૂળનાયક શ્રી અજીતનાથ પ્રભુ ખડ્ગાસન ૧૮ ફીટના એક જ પાષાણમાંથી સળંગ બનાવેલા છે. નિર્માણ સંવત ૧૬૭૨ છે. બાજુમાં શ્રી સંભવનાથજી ખડ્ગાસન ૬ ફીટના છે. ઉપરના ભાગમાં બે પદ્માસન મૂર્તિઓ છે, જેમાં એકનું મુખ ખંડિત છે.

મંદિર નં. ૧૭ : આ મંદિરમાં મૂળનાયક શ્રી અભિનંદનનાથ ખડ્ગાસન ૧૫ ફીટ ઊંચા છે. તેની બંને બાજુ બે પદ્માસન મૂર્તિઓ છે. મંદિર નિર્માણ સં.૧૭૦૮ છે.

મંદિર નં. ૧૮ : મૂળનાયક શ્રી અરનાથજી ખડ્ગાસન ૫ ફીટના છે. પ્રતિમાજીની મુદ્રા વિચિત્ર લાગે છે. પ્રતિષ્ઠા સં. ૧૯૨૩માં થઈ છે.

મંદિર નં. ૧૯ : મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન ૫ ફીટના છે, જેની મુદ્રા જુદા જ પ્રકારની લાગે છે.

મંદિર નં. ૨૦ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ખડ્ગાસન ૮ ફીટની પુરાણી મૂર્તિ છે.

મંદિર નં. ૨૧ : મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન ૮ ફીટના છે. અહીં માનસ્થંભજી છે. તેમાં શ્રી ચન્દ્ર પ્રભુજી છે.

મંદિર નં. ૨૨ : મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૮ ફીટના છે. આ ભગવાનના હાથ બહુ જ લાંબા અને પગ ટૂંકા છે. ઉપરના ભાગમાં બે પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૩ : આ મંદિર નવું બંધાયેલું છે. આરસની નવી વેદી ઉપર ૩ ફીટના પદ્માસન શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. બાજુમાં નાના પંચધાતુના બે શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. મંદિરનો હોલ મોટો છે. શ્રી મહાવીર પ્રભુ તથા શ્રી સિદ્ધપ્રભુ પંચધાતુના છે.

મંદિર નં. ૨૪ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૫ ફીટના છે.

મંદિર નં. ૨૫ : નવા પ્રતિમાજી શ્રી નેમિનાથજી, શ્રી ચન્દ્ર પ્રભુજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી શાંતિનાથજી તથા શ્રી વર્ધમાન પ્રભુ - તેમ પાંચ નાના પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૬ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન ૧૮ ફીટના છે. વચ્ચે ચોકમાં નવો માનસ્થંભ આશરે ૩૦ ફીટ ઊંચો છે. જેમાં ફકત ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે કોઈ ભગવાન નથી. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૩માં થઈ છે.

આ રીતે થુબૌનજીના દરવાજામાં દાખલ થતાં મંદિર નં. ૧ના દર્શનથી શરૂઆત કરીને મંદિર નં. ૨૬ના દર્શન કરીએ એટલે સહેજે બીજા દરવાજામાંથી બહાર આવી જઈએ છીએ.

ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા-બાપ, ભાઈ-બ્હેન, સગાં-સંબંધી આદિ અનેક કુટુંબીજનો મરીને ક્યાં ગયા હશે ! એની કોઈને કાંઈ ખબર છે ? અરે ! મારે તો મારા આત્માનું હિત કરી લેવા જેવું છે - એમ અંદરથી લાગવુ જોઈએ. અહાહા ! સગાં-સંબંધી બધા જ ચાલ્યા ગયા. તેના દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અને ભવ બધુ જ ફરી ગયુ. શરીરનાં અનંતા રજકણો ક્યારે ક્યાં જશે તેની ખબર છે ? માટે જે જાગતો રહેશે તે જ બચશે.

o o o o o

વીતરાગદેવ ફરમાવે છે કે તું જ પરમાત્મસ્વરૂપ છો એમ દષ્ટી કર. પ્રભુ - સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં અને તારા સ્વભાવમાં આંતરો તફાવત છે જ નહીં. વ્યક્ત રૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તુ છો. પ્રભુ ! મારા અને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. પણ તને તારા સામર્થ્યની ખબર નથી ભાઈ !